# સણસોલી ગામ ખાતે કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલી દ્વારા પ્રાકૃતિક ખેડૂત શિબિર અને નિદર્શન યોજાયા

આણંદ કૃષિ યુનિવર્સિટીના કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલી દ્વારા મહેમદાવાદ તાલુકાના સણસોલી ગામે આણંદ કૃષિ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કે. બી. કથીરીયાના માર્ગદર્શન હેઠળ તા. ૦૭/૧૨/૨૦૨૩ ના રોજ યોજાયેલ પ્રાકૃતિક કૃષિ માટેની તાલીમમાં ડૉ. ડી. બી. પ્રજાપતિ, સહ સંશોધન વૈજ્ઞાનિક અને યુનિટ અધિકારી, કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલી અને ડૉ. એમ. બી. ઝાલા, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક દ્વારા પ્રાકૃતિક ખેતીની પ્રાથમિક માહિતી આપેલ હતી. ડૉ. ભરતભાઇ ઠક્કર, મદદનીશ વિસ્તરણ શિક્ષણ શાસ્ત્રી દ્વારા પ્રાકૃતિક ખેતીના બીજામૃતના ફાયદા, બનાવવાની રીત અને ઉપયોગ વિશે માહિતી આપેલ હતી. આ ઉપરાંત બિજામૃત બનાવવાનું નિદર્શન આપેલ હતુ, અત્રેના ફાર્મ ખાતે ડૉ. તારક પટેલ, રિસર્ચ એસોસિએટ, સણસોલી દ્વારા પ્રાકૃતિક ખેતી માટે ૨૫૦ કિ.ગ્રા. બંસી ઘઉંના બિયારણને બીજ માવજત આપી ખેડૂતોને પ્રત્યક્ષ નિદર્શન કરાવ્યું હતુ, અને ચાર હેક્ટર બંસી ઘઉંની (પ્રાકૃતિક) વાવણીની તૈયારી કરેલ છે. આ ખેડૂત શિબિરમાં સણસોલી ગામના ૧૬ પ્રગતિશીલ ખેડૂતો અને મહિલા ખેડૂતોએ ખૂબજ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. તારક પટેલે કરેલ હતું.







